


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૩૦ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર વદ ચોથ, સોમવાર ૬ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

### સાંબામાં શંકાસ્પદ હિલચાલ બાદ સર્ચ ઓપરેશન શરૂ

**જમ્મુ, તા. 5 (PTI):** જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લાના એક ગામમાં ત્રણ શંકાસ્પદ વ્યક્તિઓની હિલચાલના અહેવાલો બાદ સુરક્ષા

...અનુસંધાન પાના 2 પર





## ટ્રમ્પ ભાન ભુલ્યા

» ટ્રમ્પની ધમકી કરતાં તેમની અપમાનજનક ભાષા અને અપશબદોના ઉપયોગે વધુ ધ્યાન ખેંચ્યું
» જો મહેતલ પુરી થવા સુધીમાં જળમાર્ગ નહીં ખોલાય તો મંગળવારે મોટા હુમલાઓની ચેતવણી

# ઈરાનને ધમકીની પોસ્ટમાં બેફામ ગાળાગાળી

**ઇરાનના** પાવર પ્લાન્ટ્સ અને પુલો સહિતના ઇન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટાપાયે હુમલાઓ કરવાની ધમકી

**વૉશિંગ્ટન, તા. 5 :** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રવિવારે ઈરાન પરના હુમલાઓ વધુ તેજ કરવાની નવી ધમકીઓ આપતી સોશિયલ મીડિયા પોસ્ટમાં ગાળાગાળી અને અપમાનજનક શબ્દોનો ઉપયોગ કર્યો હતો, જેના કારણે તેમની ધમકી કરતાં તેમની ભાષાએ વધુ ધ્યાન ખેંચ્યું હતું. હતી. તેમણે પોતાની પોસ્ટમાં ધમકી દોહરાવી હતી કે જો ઈરાન આખરી મહેતલ પુરી થવા સુધીમાં હોર્મુઝની સામુદ્રધૂનિનો જળમાર્ગ વહાણો માટે ખોલે નહીં તો તેના પાવર પ્લાન્ટો અને ઈન્ફ્રાસ્ટ્રકચર પર હુમલા કરવામાં આવશે. ઈરાને નમતું જોખવાના કોઈ સંકેત આપ્યા નથી અને પાડોશી ગલ્ફ આરબ દેશોના આર્થિક અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર લક્ષ્યાંકો પર હુમલા કરવાનું ચાલુ રાખ્યું છે, જ્યારે બીજી તરફ ટ્રમ્પે ઈરાન પાસે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' (હોર્મુઝની સામુદ્રધુની) ને ફરીથી ખોલવાની માગ કરી છે.રવિવારે સવારે અપશબ્દો ધરાવતી એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ટ્રમ્પે અગાઉની ધમકીઓનો વિસ્તાર કરતા ઈરાનના પાવર પ્લાન્ટ્સ અને પુલો પર હુમલો કરવાનું વચન આપ્યું હતું. તેમણે આ વખતે ધમકીઓમાં ઈરાનીઓનું અપમાન કરતી ભાષા વાપરી હતી અને અપશબ્દોનો પણ ઉપયોગ કર્યો હતો. ટ્રમ્પે કહ્યું હતું કે જો મંગળવાર સુધીમાં આ જળમાર્ગ દરિયાઈ અવરજવર માટે ખોલવામાં નહીં આવે, તો આ પાગલ બદમાશો માટે નરક જેવી સ્થિતિ સર્જાશે. ઈરાને હોર્મુઝની સામુદ્રધુની પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હોવાથી, ટ્રમ્પે અગાઉની એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ધમકી આપી હતી કે જો સોમવાર સુધીમાં તે ખોલવામાં નહીં આવે તો તેઓ ભારે તબાહી મચાવી દેશે. તેમણે અગાઉ પણ આવી ધમકીઓ આપી છે અને જ્યારે મધ્યસ્થીઓએ સ્વીકાર્ય શરતો પર યુદ્ધનો અંત લાવવા તરફ પ્રગતિનો દાવો કર્યો છે ત્યારે તેમણે



...અનુસંધાન પાના 2 પર

## ઈરાનમાં ફસાયેલા અમેરિકી ફાઇટર પાયલોટને છેવટે બચાવી લેવાયો

**ઇરાની** દળો અને લોકોથી બચવા આ પાયલોટ એક પહાડ પર ચડીને બખોલમાં સંતાઇ રહ્યો હતો

**બે દિવસના** સઘન પ્રયાસ પછી CIAએ લોકેશન શોધી કાઢી ઇજાગ્રસ્ત પાયલોટને એરલિફ્ટ કર્યો

**ન્યૂયોર્ક, તા. 5:** ઇરાનમાં જેનું વિમાન તોડી પાડવામાં આવ્યું હતું તે અમેરિકી હવાઇ દળના એક અધિકારીને બે દિવસના જીવન-મરણના મિશન પછી બચાવી લેવામાં અમેરિકન દળોને સફળતા મળી છે. આ પહેલા આ પાયલોટે શત્રુઓથી બચવા ૭૦૦૦ ફૂટની ઉંચાઇએ ચડીને એક પર્વતની બખોલમાં સંતાઇ રહેવું પડ્યું હતું તેમ ન્યૂયોર્ક ટાઇમ્સ દ્વારા જણાવવામાં આવ્યું છે. રવિવારે, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ

...અનુસંધાન પાના 2 પર



### US એરફોર્સના સર્વાઇવલ પ્રોટોકોલે અમેરિકન પાઇલટને બચાવી લીધો

યુએસ એરફોર્સના સર્વાઇવલ પ્રોટોકોલમાં કોઇની નજરમાં ન આવવું, શક્ય હોય ત્યાં સંપર્ક જાળવી રાખવો અને છુપાઇ શકાય તેવા વિસ્તારમાં પહોંચવું અને ત્યાંથી નજીક આવતા દુશ્મન પર નજર રાખવા જેવી બાબતો સામેલ છે. એકલા

...અનુસંધાન પાના 2 પર

### 100 કમાન્ડર અને 12 હેલિકોપ્ટર કામે લગાડી પાઇલટને બચાવી લેવાયો

ઓપરેશ દરમિયાન બચાવ ટીમને અંતિમ ક્ષણોમાં ટેક્નીકલ સમસ્યાનો સામનો પણ કરવો પડ્યો અમેરિકી સૈન્યએ F-15Eના ગૂમ થયેલા પાઇલટને શોધવા માટે તેના તમામ સંસાધનો લગાવી દીધા હતા. અમેરિકા ઇચ્છતું ન હતું કે તેના બચેલા પાઇલટ્સ કોઈપણ સંજોગોમાં ઈરાની સૈન્ય દ્વારા પકડાય. આ જ કારણ છે કે આ ઓપરેશનમાં સેંકડો સ્પેશિયલ ઓપરેશન ટુકડીઓ, ડઝનબંધ યુએસ યુદ્ધ વિમાનો, 100 અમેરિકી કમાન્ડરોને

...અનુસંધાન પાના 2 પર

### ઈરાનનો ત્રણ ગલ્ફ દેશોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આર્થિક લક્ષ્યો પર હુમલો

કુવૈતમાં, ઈરાની ડ્રોન હુમલાઓએ પાવર પ્લાન્ટ્સ અને પેટ્રોકેમિકલ પ્લાન્ટને નોંધપાત્ર નુકસાન પહોંચાડ્યું છે. વીજળી મંત્રાલયના જણાવ્યા અનુસાર, તેઓએ પાણીના શુદ્ધિકરણ સ્ટેશનને પણ અટકાવી દીધું છે. મંત્રાલયે જણાવ્યું હતું કે કોઈ જાનહાનિના સમાચાર નથી. બહેરીનમાં, ડ્રોન હુમલાને કારણે રાષ્ટ્રીય તેલ કંપનીના સ્ટોરેજ ફેસિલિટી અને સ્ટેટ-રન પેટ્રોકેમિકલ પ્લાન્ટમાં આગ લાગી હોવાનું રાજ્યની

...અનુસંધાન પાના 2 પર

**ઇરાનને ધમકી આપતી વખતે 'અલ્લાહની પ્રશંસા હો' એવા શબ્દો મજાકની વૃતિથી વપરાયા હોવાનો આક્ષેપ**

### ટ્રમ્પે ઇસ્લામની મજાક કરી છે: અમેરિકન મુસ્લિમ અધિકાર જૂથ

**વૉશિંગ્ટન.** અમેરિકાના દેશવ્યાપી મુસ્લિમ હિમાયત જૂથ 'કાઉન્સિલ ઓન અમેરિકન-ઇસ્લામિક રિલેશન્સ'(CAIR) એ ઈરાનને ધમકી આપતી પોતાની 'ટ્રુથ સોશિયલ' પોસ્ટમાં 'અલ્લાહ' શબ્દનો ઉલ્લેખ કરવા બદલ ટ્રમ્પની આકરી ટીકા કરી છે.CAIR એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે,પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઇસ્લામની કરવામાં આવેલી આ વિકૃત મજાક અને ઈરાનના નાગરિક માળખાગત સુવિધાઓ પર હુમલો કરવાની તેમની

...અનુસંધાન પાના 2 પર

## ન્યૂઝ બ્રીફ

### પાકિસ્તાનમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં 23 બાળકો સહિત 45નાં મોત

**પેશાવર.** ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં છેલ્લા 10 દિવસમાં વરસાદને લગતી વિવિધ ઘટનાઓમાં ઓછામાં ઓછા 45 લોકોએ જીવ ગુમાવ્યા છે અને 105 લોકો ઘાયલ થયા છે. એમ પીડીએમએએ રવિવારે જણાવ્યું હતું. 25 માર્ચથી સતત પડી રહેલા વરસાદને કારણે થયેલા નુકસાન અંગેના અહેવાલમાં, પ્રોવિન્શિયલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (પીડીએમએ)એ જણાવ્યું હતું કે, કુલ 45 મૃત્યુઆંકમાં 23 બાળકો, 17 પુરુષો અને 5 મહિલાઓનો સમાવેશ થાય છે, જ્યારે ઘાયલોમાં 45 પુરુષો, 16 મહિલાઓ અને 44 બાળકો સામેલ છે.

ભારે વરસાદને કારણે પ્રાંતના અનેક જિલ્લાઓમાં છત અને દીવાલો ધરાશાયી થવાની ઘટનાઓ બની હતી, જેનાથી સમગ્ર પ્રાંતમાં જાન-માલનું વ્યાપક નુકસાન થયું છે.

બે ડઝનથી વધુ જિલ્લાઓમાં ઓછામાં ઓછા 442 ઘરોને અસર થઈ છે, જેમાંથી 382 ઘર આંશિક રીતે ક્ષતિગ્રસ્ત થયા છે અને 60 ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યા છે. પીડીએમએના અહેવાલમાં વધુમાં

...અનુસંધાન પાના 2 પર

## થારના રણમાંથી 70% વધુ ક્રૂડ ઉલેચવાનું શરૂ કરાયું

**દેશના** જૂજ ભૂગર્ભ ક્રૂડ ભંડારોમાંથી એક થારના રણમાં આવેલો છે

**ઓઇલ** ઇન્ડિયા કંપની હાલમાં અહીંથી રોજના ૧૨૦૨ બેરલ ક્રૂડ કાઢે છે, ગયા વર્ષે ૭૦૫ બેરલ કઢાતું હતું

**જયપુર, તા. 5 (PTI):** વૈશ્વિક તેલ બજારોમાં ભૌગોલિક રાજકીય તણાવ અને અનિશ્ચિતતા વચ્ચે, ઓઈલ ઈન્ડિયા લિમિટેડે રાજસ્થાનના થાર રણમાંથી ક્રૂડના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, જોધપુર સેન્ડસ્ટોન ફોર્મેશનમાંથી દરરોજ 1,202 બેરલનું રેકોર્ડ ઉત્પાદન હાંસલ કરવામાં આવ્યું છે. રાજ્ય સંચાલિત આ કંપનીએ ગયા વર્ષના દૈનિક 705 બેરલની સરખામણીમાં ઉત્પાદનમાં આશરે 70 ટકાનો વધારો કર્યો છે, જે સ્થાનિક ઉત્પાદન વધારવા અને ઉર્જા સુરક્ષાને મજબૂત કરવાના પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું

...અનુસંધાન પાના 2 પર

ઇરાન યુદ્ધે અમેરિકાને ગોદા મારવા માંડ્યા

## અમેરિકામાં અનેક વસ્તુઓ, સેવાઓના ભાવમાં વધારો

**જો યુદ્ધ** લાંબુ ચાલે તો અમેરિકામાં સપ્લાય ચેઇન ખોરવાઇ જવાનો ભય, પેટ્રોલનો ભાવ પણ વધી ગયો

**કેટલીક** એરલાઇન્સે ઇંધણના વધતા ખર્ચને પહોંચી વળવા ચેક્ડ ઇન સામાનની ફીમાં વધારો કરી દીધો

**વૉશિંગ્ટન, તા. 5 (PTI):** ઈરાન વિરુદ્ધના યુદ્ધની અસર હવે અમેરિકનો પર પડવા લાગી છે. એમેઝોને તેની ઈ-કોમર્સ ડિલિવરી માટે 'ફ્યુઅલ સરચાર્જ' (ઈંધણ પર વધારાનો ટેક્સ) જાહેર કર્યો છે, જ્યારે કેટલીક એરલાઈન્સે ઈંધણના વધતા ખર્ચને પહોંચી વળવા ચેક્ડ-ઈન સામાનની ફીમાં વધારો કર્યો છે. અમેરિકામાં પેટ્રોલની સરેરાશ કિંમત શુક્રવારે વધીને 4.09 યુએસ ડોલર પ્રતિ ગેલન થઈ ગઈ છે, જે યુદ્ધ શરૂ થયા પહેલાના સમય કરતા એક ડોલરથી વધુ છે અને ઓગસ્ટ 2022 પછીનું સર્વોચ્ચ સ્તર છે. અમેરિકન ઓટોમોબાઈલ એસોસિએશન (AAA) દ્વારા જાળવવામાં આવેલા ડેટા અનુસાર, ડીઝલની કિંમત એક વર્ષ પહેલા 3.64 યુએસ ડોલર પ્રતિ ગેલન હતી, જે શુક્રવારે વધીને 5.53 યુએસ ડોલર થઈ ગઈ છે. ડીઝલનો વ્યાપક ઉપયોગ ખેતી, બાંધકામ, પરિવહન અને અન્ય ઉદ્યોગોમાં થાય છે. ઈ-કોમર્સ દિગ્ગજ એમેઝોને પણ જણાવ્યું હતું કે, 17 એપ્રિલથી તે થર્ડ પાર્ટી સેલર્સ પર 3.5 ટકા ફ્યુઅલ સરચાર્જ ઉમેરવાનું

...અનુસંધાન પાના 2 પર

## પાઇલટ બચાવ કામગીરી દરમિયાન અમેરિકાએ પોતાના જ યુદ્ધ વિમાનોને નષ્ટ કર્યા

**તહેરાન :** ઇરાનમાં જેમનું ફાઇટર જેટ તોડી પાડવામાં આવ્યું હતું તે યુએસ એરફોર્સના એક અધિકારીને રાત્રિના સમયે એક સાહસિક મિશનમાં સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા હતા . રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બડાઈ મારી હતી કે ઓપરેશન દરમિયાન કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ તે બલિદાન વિના નહોતું. પીછેહઠ કરતી વખતે યુએસ દળોએ પોતાના જ વિમાનને સળગાવીને નાશ કર્યું હતું. તેની પાછળનું કારણ એ હતું કે ઈરાની હાથમાં તેની ટેક્નોલોજી ન જાય તે માટે અમેરિકન દળો દ્વારા તેમને નષ્ટ કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે, બંને વિમાનોને ઈરાની હાથમાં ન જાય તે માટે તેનો નાશ કરવો જરૂરી

...અનુસંધાન પાના 2 પર

## હાલ રિફાઈનરીઓને દેશની ઓઈલ કંપનીઓ ડિસ્કાઉન્ટેડ ભાવ ચુકવશે

**પેટ્રોલ,** ડીઝલ, એટીએફ, કેરોસીન માટે આયાત કિંમત કરતા ઓછા દર ચુકવાશે

**ક્રૂડના** ભાવોમાં મોટા ઉછાળા છતાં દેશમાં ઈંધણના છૂટક ભાવ સ્થિર રખાતા ખોટ ઘટાડવા લેવાયેલો નિર્ણય

**નવી દિલ્હી, તા. 5 (PTI):** ઈંધણના ભાવ નિયંત્રણમુક્ત થયા પછી પ્રથમ વખત, ભારતીય સરકારી ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પેટ્રોલ, ડીઝલ, એવિએશન ટર્બાઈન ફ્યુઅલ (ATF) અને કેરોસીન માટે રિફાઈનરીઓને ડિસ્કાઉન્ટેડ ભાવ ચૂકવશે. રિટેલ ઈંધણના ભાવમાં સ્વ-લાદિત સ્થિરતાને કારણે વધતા જતા નુકસાનને મર્યાદિત કરવા માટે આ નિર્ણય લેવાયો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આ બાબતની સીધી જાણકારી ધરાવતા બે વ્યક્તિઓએ જણાવ્યું હતું કે, ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ 26 માર્ચના રોજ પેટ્રોલિયમ પેદાશોના દર નક્કી કર્યા હતા, જે તેમની આયાત કિંમત કરતાં પ્રતિ લિટર 60 રૂપિયા સુધીના ડિસ્કાઉન્ટ પર છે. આ ડિસ્કાઉન્ટ દર 16 માર્ચથી અમલી ગણાશે અને તેની સૌથી વધુ અસર MRPL, CPCL અને HMEL જેવી સ્ટેન્ડઅલોન રિફાઈનરીઓ પર પડશે.

મધ્ય પૂર્વના સંઘર્ષ પહેલા આંતરરાષ્ટ્રીય તેલના ભાવ પ્રતિ બેરલ આશરે 70 ડોલર હતા, જે વધીને 100 ડોલરથી વધુ થઈ ગયા છે. પરંતુ ભારતમાં પેટ્રોલ અને ડીઝલના રિટેલ ભાવ યથાવત રહ્યા છે, જેના કારણે ઓઈલ માર્કેટીંગ કંપનીઓ(OMCs)એ તેની અસર

...અનુસંધાન પાના 2 પર

તા. ૦૦-૦૦-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૪.૮° સે. | ૨૪.૨° સે. | ૫૩% |

### આંધ્રમાં ISIS સાથે કથિત લિંક્સ ધરાવતા ટેરર મોડ્યુલનો પર્દાફાશ

**અમરાવતી, તા. 5 (PTI):** વિદેશી હેન્ડલર્સ અને આઈએસઆઈએસ સહિતના આતંકવાદી સંગઠનો સાથે શંકાસ્પદ સંબંધો ધરાવતા અને ભારતમાં યુવાનોને કટ્ટરપંથી બનાવવામાં કથિત રીતે સામેલ એક ટેરર મોડ્યુલનો પર્દાફાશ થયો છે. એમ રવિવારે ઈન્ટેલિજન્સ વિભાગના એક સ્ત્રોતે જણાવ્યું હતું. અગાઉ, આંધ્ર પ્રદેશ પોલીસે આ નેટવર્ક

...અનુસંધાન પાના 2 પર

## ચીને દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોનનું પરિક્ષણ કર્યું : ભારતની ચિંતા વધી

**આ કાર્ગો** ડ્રોનની મદદથી ચીન LAC સુધી ભારે હથિયારો પહોંચાડી શકશે

**તિબેટ** જેવા ઉંચાઇવાળા વિસ્તારોમાં પણ આ કાર્ગો કામગીરી બજાવી શકે છે

**બૈજિંગ, તા. 5 :** ચીને દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોન CY-8નું સફળ ઉડાન પરીક્ષણ કર્યું છે. આ ડ્રોન 7 ટનના પેલોડ સાથે ઉડાન ભરવા માટે સક્ષમ છે. મોટી વાત એ છે કે CY-8 ડ્રોન માત્ર 280 મીટર લાંબા રનવે પરથી ઉડાન ભરી શકે છે. તેનો ઉપયોગ લદ્દાખ જેવા દુર્ગમ વિસ્તારોમાં કરી શકાશે.

ચીને સરહદ પર ભારત સાથેના તણાવ વચ્ચે દુનિયાના સૌથી ભારે કાર્ગો ડ્રોનનું સફળ પરીક્ષણ કર્યું છે. આ ડ્રોનનું નામ ચાંગયિંગ-

...અનુસંધાન પાના 2 પર



### CY-8 ડ્રોનની ખાસિયત

CY-8 ડ્રોનમાં ઊંચાઈવાળા વિસ્તારો અને દ્વીપીય ક્ષેત્રોમાં તૈનાત થવાની ઉત્તમ ક્ષમતાઓ છે. તેનો ઉપયોગ જાસૂસી, રિ-સપ્લાય, કટોકટીના બચાવ કાર્યો અને કોમ્યુનિકેશન રિલે માટે કરી શકાય છે. આ કાર્ગો

...અનુસંધાન પાના 2 પર